# ગુજરાતમાં આજથી ચાર દિવસ હિટવેવની આગાહી

**ભૂજ,** રાજકોટ અને સુરેન્દ્રનગરનું તાપમાન 39 ડિગ્રી નોંધાયું

ગાંધીનગર : રાજ્યમાં ઉનાળાની શરૂઆત સાથે જ ગરમીનો પ્રભાવ વધતો જઈ રહ્યો છે. હવામાન વિભાગના વૈજ્ઞાનિકોના જણાવ્યા મુજબ આજે રાજ્યના અનેક શહેરોમાં તાપમાન 35થી 39 ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી ગયું છે.

સૌથી વધુ 39 ડિગ્રી સેલ્સિયસ તાપમાન ભૂજમાં નોંધાયું, જ્યારે લઘુત્તમ તાપમાન કેશોદમાં 16.3 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું છે. બીજી તરફ કેશોદમાં વહેલી સવારે અને રાત્રિના સમયે ઠંડીનો અહેસાસ રહેતાં લઘુત્તમ તાપમાન 16.3 ડિગ્રી આસપાસ નોંધાયું હતું.

હવામાન વિભાગના આંકડા મુજબ ભૂજમાં 39 ડિગ્રી, રાજકોટમાં 39 ડિગ્રી અને સુરેન્દ્રનગરમાં પણ 39 ડિગ્રી તાપમાન નોંધાયું હતું. અમદાવાદ, ગાંધીનગર અને વડોદરામાં 38 ડિગ્રી તાપમાન નોંધાયું હતું. કેશોદમાં 37 ડિગ્રી, ડીસામાં 37 ડિગ્રી તેમજ સુરતમાં 37 ડિગ્રી તાપમાન નોંધાયું હતું. ભાવનગરમાં 35 ડિગ્રી, મહુવામાં 34 ડિગ્રી, કંડલા પોર્ટ પર 35 ડિગ્રી અને કંડલા એરપોર્ટ પર 36 ડિગ્રી તાપમાન નોંધાયું હતું. પોરબંદર અને દમણમાં 32 ડિગ્રી તેમજ વલ્લભ વિદ્યાનગરમાં 36 ડિગ્રી મહત્તમ તાપમાન નોંધાયું હતું.

હવામાન વિભાગે આગાહી કરી છે કે આગામી ત્રણ દિવસ દરમિયાન રાજ્યમાં મહત્તમ તાપમાનમાં 2થી 3 ડિગ્રી સુધીનો વધારો થવાની શક્યતા છે. ત્યારબાદ તાપમાનમાં મોટા ફેરફારની શક્યતા ઓછી છે. સાથે સાથે લઘુત્તમ તાપમાનમાં પણ આગામી દિવસોમાં 2થી 3 ડિગ્રીનો વધારો થવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે.

આ ઉપરાંત દરિયાકાંઠા વિસ્તારોમાં ગરમ અને ભેજવાળું વાતાવરણ સર્જાવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. ખાસ કરીને 9 અને 10 માર્ચ દરમિયાન ગુજરાતના દરિયાકાંઠા વિસ્તારોમાં, જ્યારે 9થી 11 માર્ચ દરમિયાન સૌરાષ્ટ્ર-કચ્છ વિસ્તારમાં ગરમ અને ભેજવાળું હવામાન રહેવાની સંભાવના છે, જેના કારણે લોકોને ઉકળાટભર્યું વાતાવરણ અનુભવાઈ શકે છે.

હવામાન વિભાગે વધુમાં આગાહી કરી છે કે 9થી 12 માર્ચ દરમિયાન રાજ્યના કેટલાક વિસ્તારોમાં હીટવેવ જેવી પરિસ્થિતિ સર્જાઈ શકે છે. ખાસ કરીને રાજકોટ અને કચ્છ જિલ્લામાં તેમજ અમદાવાદ, ગાંધીનગર, બનાસકાંઠા, વડોદરા અને સુરત જિલ્લામાં અલગ-અલગ સ્થળોએ ગરમીની લહેર જોવા મળી શકે છે. ઉપરાંત સૌરાષ્ટ્ર-કચ્છના અમરેલી, રાજકોટ, સુરેન્દ્રનગર, ભાવનગર, બોટાદ અને કચ્છ જિલ્લાઓમાં પણ હીટવેવની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. હવામાન વિભાગે લોકોને ખાસ કરીને બપોરના સમયે સાવચેતી રાખવા, પૂરતું પાણી પીવા અને તીવ્ર ગરમીથી બચવા માટે જરૂરી તકેદારી રાખવાની સલાહ આપી છે.

# સુરત સ્ટેશન છતના બાંધકામ માટે બ્લોક કરવામાં આવશે

**સુરત**-અમરાવતી એક્સપ્રેસ ફક્ત ઉધના સુધી જ દોડશે, અને અન્ય ઘણી ટ્રેનો પ્રભાવિત થશે

સુરત : સુરત રેલ્વે સ્ટેશનના પુનર્વિકાસ કાર્યના ભાગ રૂપે, પ્લેટફોર્મ 2-3 અને 4 વચ્ચે થ્રુ-રૂફ શેડના નિર્માણ માટે બ્લોક લાદવામાં આવશે. પશ્ચિમ રેલવે મુખ્યાલય, ચર્ચગેટે આ કાર્ય માટે ટ્રાફિક અને પાવર બ્લોકને મંજૂરી આપી છે. રેલ્વે અધિકારીઓના જણાવ્યા અનુસાર, બ્લોક દરમિયાન ટ્રેન સંચાલન પર અસર ઓછી કરવા માટે પ્રયાસો કરવામાં આવશે.

જો જરૂરી હોય તો, મુખ્ય લાઈન પર અવિરત ટ્રેન ટ્રાફિક સુનિશ્ચિત કરવા અને બિનજરૂરી વિલંબ ટાળવા માટે માલગાડીઓને ડેડીકેટેડ ફ્રેઈટ કોરીડોર (DFC) દ્વારા ડાયવર્ટ કરવામાં આવશે. બ્લોક દરમિયાન, કેટલીક મોટી ટ્રેનોના સંચાલનમાં ફેરફાર કરવામાં આવશે. બાંદ્રા ટર્મિનસ-સુરત ઇન્ટરસિટી એક્સપ્રેસ (12935) ને સુરતને બદલે ઉધના સ્ટેશન પર પ્લેટફોર્મ નંબર 1 પર ટૂંકા ગાળા માટે બંધ કરવામાં આવશે. બ્લોક સમાપ્ત થયા પછી, તે જ ટ્રેનનો ખાલી રેક ઉધનાથી સુરત મોકલવામાં આવશે, જ્યાંથી સુરત-બાંદ્રા ટર્મિનસ ઇન્ટરસિટી એક્સપ્રેસ (૧૨૯૩૬) દોડશે. તેમજ, સુરત-અમરાવતી એક્સપ્રેસ (૨૦૯૨૫) સુરતને બદલે ઉધના સ્ટેશનથી ટૂંકી ટ્રેનમાં મોકલવામાં આવશે, જ્યારે અમરાવતી-સુરત એક્સપ્રેસ (૨૦૯૨૬) ઉધના સ્ટેશન પર ટૂંકી ટ્રેનમાં મોકલવામાં આવશે. બ્લોક દરમિયાન તમામ જરૂરી સલામતીના પગલાં લેવામાં આવશે, જેથી સુનિશ્ચિત થાય કે કાર્ય નિર્ધારિત સમયમાં પૂર્ણ થાય. રેલવે દ્વારા આપવામાં આવેલી આ મંજૂરી આગામી ૯૦ દિવસ માટે માન્ય રહેશે. ટ્રેન સંચાલન પર ઓછામાં ઓછી અસર પડે તે માટે બ્લોકના સંચાલનની તારીખ સંબંધિત વિભાગો સાથે સંકલન કરીને નક્કી કરવામાં આવશે.

# સુરત ઈકોનોમિક રિજિયન માટે 1185 કરોડ મંજૂર

**સીએમ** ભૂપેન્દ્ર પટેલે મંજૂર કરેલા ફંડનો ઉપયોગ ઇન્ફ્રાસ્ટ્રક્ચરના વિકાસ માટે કરાશે

ગાંધીનગર : વિકસિત ગુજરાત@2047ના વિઝનને સાકાર કરવા રાજ્ય સરકાર દ્વારા મહત્વપૂર્ણ પગલું ભરવામાં આવ્યું છે. સીએમ ભૂપેન્દ્ર પટેલે દક્ષિણ ગુજરાતના ગ્રોથ હબ તરીકે વિકસાવવામાં આવી રહેલા સુરત ઈકોનોમિક રિજિયન (SER) માં રોડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અપગ્રેડેશન માટે 1185 કરોડ રૂપિયાના કામોને મંજૂરી આપી છે. આ યોજના હેઠળ કુલ 383 કિલોમીટર લંબાઈમાં 24 માર્ગોના સુધારણા અને અપગ્રેડેશનના કામો હાથ ધરવામાં આવશે. પીએમ નરેન્દ્ર મોદીએ આપેલા વિકસિત ભારત@2047ના સંકલ્પને સાકાર કરવા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં વિકસિત ગુજરાત@2047નો રોડમેપ તૈયાર કરવામાં આવ્યો છે. રાજ્યના સર્વાંગી વિકાસ માટે ગુજરાત રાજ્ય ઈન્સ્ટિટ્યુશન ફોર ટ્રાન્સફોર્મેશન (ગ્રીટ) દ્વારા ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ઈનોવેશન, ઈન્ડિવિજ્યુઅલ અને ઈન્સ્ટિટ્યુશન આધારિત લાંબા ગાળાના વિકાસ માટે આયોજન કરવામાં આવ્યું છે. આ આયોજન અંતર્ગત રાજ્યમાં 6 ગ્રોથ હબ વિકસાવવાના રિજનલ ઈકોનોમિક માસ્ટર પ્લાન તૈયાર કરાયા છે. તેમાં દક્ષિણ ગુજરાતના ગ્રોથ હબ તરીકે સુરત ઈકોનોમિક રિજિયન માટે સૌપ્રથમ 1185 કરોડ રૂપિયાના રોડ વિકાસના કામોને મંજૂરી આપવામાં આવી છે.

### ટેક્સટાઇલ, ડાયમંડ કેમિકલ ઉદ્યોગનો સીધો લાભ

આ વિકાસ પ્રોજેક્ટના પરિણામે સુરત, તાપી, વલસાડ, ભરૂચ અને નવસારી જિલ્લાના ઔદ્યોગિક હબ તથા જી.આઇ.ડી.સી. વિસ્તારોને જોડતા માર્ગોમાં સુધારણા થવાથી લોજિસ્ટિક્સ વ્યવસ્થા વધુ કાર્યક્ષમ બનશે. માલસામાન અને શ્રમિકોની અવરજવર સરળ બનતા ટેક્સટાઇલ, કેમિકલ, પેટ્રોકેમિકલ અને ડાયમંડ ઉદ્યોગોને સીધો લાભ મળશે.સાથે સાથે કડોદ, કડોદરા, જોલવા, માંગરોળ, કોસંબા અને તડકેશ્વર જેવા મહત્વના જી.આઇ.ડી.સી. વિસ્તારોની કનેક્ટિવિટી મજબૂત થવાથી ઔદ્યોગિક વિસ્તરણને પણ વેગ મળશે. ફિશરીઝ, હજીરા પોર્ટ, સુગર ફેક્ટરી, સુમુલ ડેરી તેમજ માઇનિંગ અને લિગ્નાઇટ જેવા ઉદ્યોગોને પણ આ સુધારેલા માર્ગોનો લાભ મળશે.

**આ રિજિયનમાં આવેલા જિલ્લા**

સુરત - ભરૂચ
નવસારી - વલસાડ
તાપી - ડાંગ

# સુરતમાં ગરમીનો પારો ૩૯ ડિગ્રી પાર, ઉકળાટથી લોકો ત્રસ્ત

**મહત્તમ** તાપમાન ૩૯.૧ ડિગ્રી સુધી પહોંચ્યું; ઓછા ભેજ અને ગરમ પવનથી બપોરે ગરમીનો ત્રાસ વધ્યો

સુરતઃ સુરત શહેરમાં ઉનાળાની શરૂઆત સાથે જ ગરમીનું પ્રમાણ દિવસે ને દિવસે વધતું જઈ રહ્યું છે. રવિવારે શહેરમાં મહત્તમ તાપમાનમાં આશરે ૨ ડિગ્રીનો વધારો નોંધાતાં તે ૩૯.૧ ડિગ્રી સુધી પહોંચી ગયું હતું. જ્યારે લઘુત્તમ તાપમાન પણ આશરે દોઢ ડિગ્રી વધીને ૨૦.૮ ડિગ્રી નોંધાયું હતું.

હવામાનમાં વધેલા તાપમાનના કારણે બપોરના સમયે શહેરમાં જાણે અગનગોળા વરસતા હોય તેવી ગરમીનો અનુભવ થયો હતો. રસ્તાઓ પર બપોરના સમયે લોકોની અવરજવર ઓછી જોવા મળી હતી અને ખાસ કરીને બપોરે ૧૨થી ૩ વાગ્યા દરમિયાન ગરમીનો પ્રભાવ વધુ અનુભવાયો હતો. હવામાન વિભાગના આંકડા મુજબ આજે શહેરમાં હવામાં આશરે ૩૨ ટકા ભેજ નોંધાઈ હતી. સાથે જ લગભગ ૧૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે ઉત્તર દિશાનો પવન ફૂંકાતો રહ્યો હતો. ભેજનું પ્રમાણ ઓછું હોવા છતાં વધતા તાપમાનને કારણે શહેરવાસીઓને તીવ્ર ઉકળાટનો સામનો કરવો પડ્યો હતો.

# સુગર મિલો અને શેરડીના ખેડૂતોના પ્રશ્નો માટે ચિંતન બેઠક

**સોશિયલ** મીડિયામાં વાયરલ મેસેજથી 'સુગર ડેડીઓ'ની ઊંઘ ઉડી, ગામે ગામ રાજકીય સભાઓમાં ખેડૂતોના તીખા પ્રશ્નો

**જિલ્લા,** તાલુકા પંચાયતની ચૂંટણીમાં સુગર અને સુમુલ મામલે સત્તાધારી પક્ષના ઉમેદવારોને જવાબ આપવા ભારે પડશે

સુરતઃ ખાંડ નિયામક, જિલ્લા રજિસ્ટ્રાર અને ખાંડ ફેક્ટરીઓના મેનેજિંગ ડિરેક્ટરો સાથે યોજાયેલી બે દિવસીય બેઠક બાદ દક્ષિણ ગુજરાતની ખાંડ મિલોની હાલની પરિસ્થિતિને લઈને અનેક પ્રશ્નો ઊભા થયા છે.

જિલ્લા,તાલુકા પંચાયતની ચૂંટણીમાં સુગર અને સુમુલ ડેરી મામલે સત્તાધારી પક્ષના ઉમેદવારોને જવાબ આપવા ભારે પડશે.એવા અહેવાલો પછી સરકાર હલી છે.સ્થિતિ શું છે એનો તાગ મેળવવા ચિંતન બેઠક યોજાઈ હતી એમાં ખંડ નિયામકે સુગર ફેક્ટરીઓના પ્રમુખ, ઉપપ્રમુખોને તેડાવ્યા હતા અને ચૂંટણી પાછળ ઠેલવાના નિર્ણય અંગેનો તાગ મેળવ્યો હતો.

ચર્ચા દરમિયાન એવી સ્પષ્ટતા વાત સામે આવી હોવાનું જણાવાય છે કે જો એક સામાન્ય ખેડૂત પોતાની આજીવિકા માટે કાર્યક્ષેત્રની ખાંડ મિલોની હાલની પરિસ્થિતિ રાજ્ય સરકાર સુધી પહોંચાડે તો સરકાર મદદરૂપ થવા તૈયાર હોવાનું જણાય છે. પરંતુ ખેડૂત સભાસદો અને તેમના પરિવારોએ ચૂંટીને મોકલેલા નેતાઓ,સત્તાધીશો દ્વારા ખેડૂતોની સમસ્યાઓના નિવારણ માટે હૃદયપૂર્વક પ્રયત્નો કરવામાં આવ્યા નથી એવી લાગણી ખેડૂતોમાં વ્યક્ત થવા લાગી છે.

જાગૃત ખેડૂતો અને કિસાન સંગઠનના નામે સોશિયલ મીડિયામાં વાયરલ થયેલા એક મેસેજે દક્ષિણ ગુજરાતના સુગર ડેડીઓમાં ખળભળાટ મચાવ્યો છે. ગામે ગામ યોજાતી રાજકીય બેઠકો અને કાર્યક્રમોમાં શેરડી પકવતા ખેડૂતો તેમજ પશુપાલકો દ્વારા ચૂંટાયેલા પ્રતિનિધિઓને સીધા પ્રશ્નો પૂછવામાં આવી રહ્યા છે, જેના કારણે રાજકીય માહોલ પણ ગરમાયો છે.

ખેડૂતોમાં એવી ચર્ચા છે કે હાલની એક સુગર ફેક્ટરીના ડિરેક્ટર સુરત જિલ્લાના ચાલુ ધારાસભ્ય છે અને અન્ય ઘણા ડિરેક્ટરો વિવિધ સંગઠનો તથા પંચાયતી રાજ વ્યવસ્થાના સિનિયર નેતાઓ છે. સરકારમાં પ્રતિનિધિત્વ હોવા છતાં શેરડી પકવતા ખેડૂતોની કફોડી સ્થિતિ રાજ્ય સરકાર સમક્ષ અસરકારક રીતે રજૂ કરીને યોગ્ય સહાય મેળવવામાં તેઓ નિષ્ફળ રહ્યાં હોવાના આક્ષેપો થઈ રહ્યા છે.

# ઉભરાટ બીચ પર નાહતી વખતે પાણીમાં ડૂબી જતા ધો. ૧૦ ના વિદ્યાર્થીનું મોત

સુરતઃ ઉભરાટ બીચ પર પરિવાર સાથે ફરવા ગયેલા ધોરણ-૧૦ના વિદ્યાર્થીનું ન્હાતી વખતે પાણીમાં ડૂબી જવાથી સારવાર માટે હોસ્પિટલ ખસેડાયો હતો. જ્યાં યશનું ૧૨ દિવસની સારવાર બાદ તેનું હોસ્પિટલમાં મોત થયું હતું. મળતી માહિતી અનુસાર, મૂળ મહારાષ્ટ્રના વતની મનીષભાઈ તનેકર હાલ ડિંડોલી એકલારા ચોકડી પાસે આવેલ કાશીબા રેસિડેન્સીમાં પરિવાર સાથે રહે છે અને લુમ્સ ખાતામાં કામ કરે છે. ગત ૨૪મી ફેબ્રુઆરીના રોજ મનીષભાઈ પરિવાર સાથે ઉભરાટ દરિયાકિનારે ફરવા માટે ગયા હતા. દરમિયાન મનીષભાઈ તેમજ તેમના બંને પુત્રો દરિયામાં ન્હાવા ગયા હતા. ત્યારે યશ (ઉ.વ.૧૬) ઊંડા પાણીમાં જતા તે ડૂબી ગયો હતો. હાલ તે સ્મીમેર હોસ્પિટલમાં હતો. જ્યાં ગઈકાલે રાત્રે તેનું સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું. મૃતક યશ ઘર નજીક આવેલી શાળામાં ધોરણ-૧૦માં અભ્યાસ કરતો હતો.

# બુલેટ ટ્રેન સ્ટેશન આસપાસ 460 હેક્ટરમાં નવી ટીપી યોજના

**સુડા** આવાસ યોજના હેઠળ ખોલવડમાં 972 મકાન બનાવાશે

**૨ લેન** રોડ અને તાપી શુદ્ધીકરણ માટે 25 કરોડની જોગવાઈ



સુરતઃ સુરત શહેરી વિકાસ સત્તામંડળ (SUDA)ની બોર્ડ બેઠક નં.270 શનિવારે મળી હતી. આ બેઠકમાં વર્ષ 2026-27 માટે રૂ.1149.78 કરોડના બજેટને મંજૂરી આપવામાં આવી હતી, જેમાં અંદાજિત રૂ.558.60 કરોડ આવક અને રૂ.591.18 કરોડ ખર્ચનો સમાવેશ થાય છે. આવકમાં રૂ.189.02 કરોડ સ્વભંડોળ તથા રૂ.369.58 કરોડ સરકારની ગ્રાન્ટનો સમાવેશ કરવામાં આવ્યો છે.

બેઠકમાં તાપી નદીના શુદ્ધીકરણ માટે ચાલુ વર્ષ દરમિયાન સુરત મહાનગરપાલિકાને રૂ.25 કરોડ ચૂકવવાની જોગવાઈ પણ મંજૂર કરવામાં આવી છે. સુડા દ્વારા કામરેજ તાલુકાના ખોલવડ ખાતે જેબી ડાયમંડ સ્કૂલ નજીક ટી.પી. 48ના એફ.પી. 227માં પ્રધાનમંત્રી આવાસ યોજના (અર્બન) 2.0 હેઠળ 972 આવાસો બનાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. શહેર અને આસપાસના વિસ્તારમાં રોડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર મજબૂત બનાવવા પણ મહત્ત્વના નિર્ણયો લેવામાં આવ્યા છે.

ઓલપાડના કણાદ ખાતે સ્વામિનારાયણ મંદિર નજીક ડ્રાફ્ટ ટી.પી.102માં 45 મીટર પહોળો ટીપી રોડ રૂ.17.23 કરોડના ખર્ચે ફોરલેન બનાવવામાં આવશે. જ્યારે કરાડવા ગામથી ટી.પી. 54 (ભેસ્તાન) સુધી 36 મીટર ટીપી રોડને SMC લિમિટ સુધી ચાર માર્ગીય બનાવવા રૂ.82 લાખના ખર્ચે કામગીરી હાથ ધરાશે. બોર્ડ બેઠકમાં NHSRCL બુલેટ ટ્રેન સ્ટેશન આસપાસના H-Node વિસ્તારમાં આશરે 460 હેક્ટર જમીન માટે ત્રણ નવી ડ્રાફ્ટ ટાઉન પ્લાનિંગ યોજનાઓ સરકાર સમક્ષ મંજૂરી માટે મોકલવાનો નિર્ણય લેવામાં આવ્યો છે, જેમાં ટીપી 62/એ (છેડછા-ઓવિયાણ-સાબરગામ-અંત્રોલી), ટીપી 62/બી (સાબરગામ-નિયોલ) અને ટીપી 62/સી (અંત્રોલી)નો આ યોજનાઓ Japan International Cooperation Agency (JICA) અને કેન્દ્રના હાઉસિંગ અને અર્બન અફેર્સ મંત્રાલયના માર્ગદર્શન હેઠળ તૈયાર કરવામાં આવી છે. યોજનાઓમાં FSI 5.4ની જોગવાઈ, ગ્રીન કોરિડોર, બ્લૂ-ગ્રીન ઈન્ફ્રાસ્ટ્રક્ચર તથા વોકિંગ અને સાઈકલિંગ માટેની સુવિધાઓને પ્રાથમિકતા આપવામાં આવી છે. જેથી આ વિસ્તારનું પર્યાવરણમિત્ર અને સુનિયોજિત વિકાસ શક્ય બને.

ઉપરાંત બુલેટ ટ્રેન સ્ટેશન નજીક MICE સુવિધાઓ તથા હોસ્પિટાલિટી અને આર્થિક પ્રવૃત્તિઓ માટે ચાર વિશેષ નોડ્સ વિકસાવવાનો પણ પ્રસ્તાવ છે, જે ભવિષ્યમાં આ વિસ્તારને વેપાર અને રોજગાર માટે મહત્ત્વપૂર્ણ કેન્દ્ર બનાવશે. આ સિવાય કણાદ ગામની 298 હેક્ટર જમીન માટે ડ્રાફ્ટ ટીપી સ્કીમ નં.102 સરકારને મંજૂરી માટે મોકલવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આમ, સુડા બોર્ડ બેઠકમાં કુલ ચાર ડ્રાફ્ટ ટાઉન પ્લાનિંગ યોજનાઓ સરકાર સમક્ષ મોકલવાનો ઠરાવ કરવામાં આવ્યો છે.

# આજે બોર્ડમાં ધો.10માં સ્ટાન્ડર્ડ ગણિતનું પેપર

**ધો.12** સામાન્ય પ્રવાહમાં રાજ્યશાસ્ત્ર અને સાયન્સમાં ગણિતની પરીક્ષા

સુરતઃ રાજ્યભરમાં હાલ ચાલી રહેલી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની પરીક્ષાઓ હવે અંતિમ તબક્કામાં પ્રવેશી રહી છે. પરીક્ષાર્થીઓ માટે આવતીકાલે સોમવારે મહત્વપૂર્ણ વિષયોની પરીક્ષાઓ યોજાનાર છે.

સોમવારે ધોરણ 10ના વિદ્યાર્થીઓ માટે સ્ટાન્ડર્ડ ગણિતનું પેપર લેવામાં આવશે.

જ્યારે ધોરણ 12 સામાન્ય પ્રવાહના વિદ્યાર્થીઓ માટે રાજ્યશાસ્ત્ર વિષયની પરીક્ષા યોજાશે. ઉપરાંત ધોરણ 12 કોમર્સ પ્રવાહના વિદ્યાર્થીઓ માટે એકાઉન્ટન્સી એન્ડ ઓડીટીંગનું પેપર રાખવામાં આવ્યું છે. તે જ રીતે ધોરણ 12 સાયન્સ પ્રવાહના વિદ્યાર્થીઓ માટે ગણિત વિષયની પરીક્ષા પણ આવતીકાલે લેવામાં આવશે. આ પરીક્ષાઓને લઈને વિદ્યાર્થીઓએ અંતિમ તૈયારીઓ શરૂ કરી દીધી છે અને શાળાઓ તેમજ પરીક્ષા કેન્દ્રો પર જરૂરી તમામ વ્યવસ્થાઓ પૂર્ણ કરવામાં આવી છે.

# પુણામાં આધેડે યુવતીને બાહોમાં જકડી લેતા છેતડીનો ગુનો દાખલ

**છેડતી** કરવાની સાથે નિર્લજ્જ અને અશ્લીલ ભાષાનો પ્રયોગ કરનાર નરાધમ પાડોશીની અટકાયત

સુરત : પુણા ગામ વિસ્તારમાં પડોશમાં જ રહેતા એક આધેડે ૨૦ વર્ષીય યુવતીની છેડતી કરવાની શરમજનક ઘટના સામે આવી છે. છેલ્લા એક મહિનાથી મનમાં ડર અને સંકોચ રાખીને બેઠેલી યુવતીએ આખરે હિંમત ભેગી કરી નરાધમ વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવતા ચકચાર મચી ગઈ છે. પોલીસે કાર્યવાહી કરી નરાધમ પાડોશીની અટકાયત કરી હતી.

મળતી માહિતી મુજબ, પુણા વિસ્તારની એક સોસાયટીમાં રહેતી ૨૦ વર્ષીય યુવતી જ્યારે પોતાના ઘરમાં હાજર હતી, ત્યારે પડોશમાં જ રહેતા ૩૮ વર્ષીય ભાવેશભાઈ વેકરીયા નામના શખ્સે તેને નિશાન બનાવી હતી. આજથી આશરે એકાદ મહિના પહેલા બપોરના સમયે આરોપીએ ઓચિંતા પાછળથી આવીને યુવતીને બાથ ભરી લીધી હતી. આટલેથી જ ન અટકતા, નરાધમે યુવતીના છાતીના ભાગે હાથ ફેરવી શારીરિક અડપલાં કર્યા હતા.પોલીસ ફરિયાદમાં ભોગ બનનાર યુવતીએ ચોંકાવનારા ખુલાસા કર્યા છે. આરોપી ભાવેશ વેકરીયાએ શારીરિક છેડતી કરવાની સાથે અત્યંત નિર્લજ્જ અને અશ્લીલ ભાષાનો પ્રયોગ કર્યો હતો. આરોપીએ યુવતીને 'મને બતાવ' તેમ કહી જાતીય સતામણી કરી હતી અને ધમકીઓ પણ આપી હતી.

ઘટના બાદ યુવતી ભારે માનસિક આઘાતમાં સરી પડી હતી, પરંતુ આખરે પરિવારના સહયોગથી તેણે પુણા પોલીસ સ્ટેશનમાં નરાધમ પાડોશી વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. પોલીસે આ મામલે ગુનો નોંધી આરોપી ભાવેશ વેકરીયાની અટકાયત કરવાની તજવીજ હાથ ધરી છે.

**અનુસંધાન**... પાના છેલ્લાનું

### માત્ર ભાગળ નહીં...

હતા અને ઢોલ-નગારાં સાથે તિરંગા લહેરાવીને જીતની ઉજવણી કરી હતી. "ભારત માતા કી જય" અને "વંદે માતરમ"ના નારાઓથી સમગ્ર વિસ્તાર ગૂંજી ઊઠ્યો હતો.

ભાગળ ખાતે લોકો એકબીજાને મીઠાઈ ખવડાવીને જીતનો આનંદ વહેંચતા જોવા મળ્યા હતા. અનેક યુવાનો કાર અને બાઈક પર તિરંગા લઈને રેલી કાઢતા જોવા મળ્યા હતા. શહેરના આકાશમાં સતત આતશબાજી થવાથી રાત્રે દિવાળી જેવો માહોલ સર્જાયો હતો. દર વખતે આ પ્રકારની મોટી જીત વખતે ભાગળ પર ઉજવણીની પરંપરા છે પરંતુ હવે અડાજણના પ્રાઈમ આર્કેડ ખાતે પણ આ જીતની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. તો બીજી તરફ પાર્લેપોઈન્ટથી વીઆરમોલ સુધી બાઈક અને ઢોલ નગારા સાથે લોકો જીતનો જશ્ન કરતાં જોવા મળ્યા હતાં. મેચ પૂરી થયા પછી ગવિયર ગામ નજીક ઉજવણીના કારણે સુરત ડુમસ માર્ગ બંધ થઈ ગયો હતો અને ડુમસ પ્રોજેક્ટ જોવા જતાં લોકોને યુવાનોએ ત્યાંજ અટકાવી દીધા હતાં.

ભાગળ ઉપરાંત અડાજણ, વેસુ, યોગી ચોક, કતારગામ, ઉધના અને પાંડેસરા વિસ્તારોમાં પણ ક્રિકેટપ્રેમીઓએ ઉત્સાહભેર ઉજવણી કરી હતી. કેટલાક વિસ્તારોમાં મેચનું લાઈવ પ્રસારણ મોટા સ્ક્રીન પર જોવા માટે ખાસ આયોજન કરવામાં આવ્યું હતું. મેચ પૂર્ણ થતાં જ લોકો રસ્તા પર આવી ગયા હતા અને તિરંગા સાથે ઉજવણી કરી હતી.

### લગ્નના મંડપમાં પણ...

લગ્ન મંડપમાં વર્લ્ડકપ ફાઈનલ મેચ જોવા મોટા LED ટીવી અને સ્ક્રીનની વ્યવસ્થા કરવામાં આવી છે, એવા મેસેજ પણ મહેમાનોને મોકલ્યા હતા. સુરતના ઘણા લગ્ન મંડપ પંડાલોમાં LED ટીવી અને મોટી સ્ક્રીન મૂકવામાં આવી હતી. મહેમાનોએ મેચ માણવા સાથે રાતે ભોજન સમારોહનો આનંદ માણ્યો હતો.

### ટી-20માં વિશ્વમાં...

બંને પરીક્ષાના પરિણામો રવિવારે વેબસાઈટ પર જાહેર કરવામાં આવ્યા હતા. પરિણામ જાહેર થતા જ સુરતના વિદ્યાર્થીઓમાં આનંદની લાગણી જોવા મળી હતી. સુરત બ્રાન્ચના અધ્યક્ષ સીએ રાહુલ અગ્રવાલે જણાવ્યું કે, આ વખતે સુરતમાંથી 3060 વિદ્યાર્થીઓએ ફાઉન્ડેશન પરીક્ષા આપી હતી, જેમાંથી 660 વિદ્યાર્થીઓ સફળ થયા છે. ઈન્ટરમીડિયેટના બોથ ગ્રુપમાં 1064 વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી, જેમાંથી 123 બોથ ગ્રુપ, 61 પ્રથમ ગ્રુપ અને 38 વિદ્યાર્થીઓ બીજા ગ્રુપમાં પાસ થયા છે. માત્ર પ્રથમ ગ્રુપ માટે 1005 વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી, જેમાંથી 190 વિદ્યાર્થીઓ પાસ થયા છે, જ્યારે બીજા ગ્રુપ માટે 466માંથી 96 વિદ્યાર્થીઓ સફળ રહ્યા છે.

ઘોડદોડ સ્થિત સીએ આદિત્ય છાવછરિયા ના માર્ગદર્શન હેઠળ મૂળ રાજસ્થાનના સીકરના રાઘવ ગુપ્તાએ ફાઉન્ડેશન પરીક્ષામાં 400માંથી 361 ગુણ મેળવી દેશભરમાં ત્રીજો ક્રમ મેળવ્યો છે. રાઘવને કોસ્ટ અકાઉન્ટિંગમાં 97, ઈકોનોમિક્સમાં 92, અકાઉન્ટિંગમાં 89 અને બિઝનેસ લો વિષયમાં 83 ગુણ મળ્યા છે. તેમના સાથે સંસ્થાના અન્ય ઘણા વિદ્યાર્થીઓ પણ ફાઉન્ડેશન પરીક્ષામાં સફળ રહ્યા છે.

### ફાઉન્ડેશનમાં તેહરીન કોઠીવાળાના 400માંથી 332

ફાઉન્ડેશનની 400 ગુણની પરીક્ષામાં તેહરીન કોઠીવાળા (332), સકીના ચાહવાળા (329), ઈશા શાહ (311), યશ કનાણી (308), શુભ ઇટાલિયા (307), સાહિલ નિર્વાણ (304), સત્યમ ચાંડક (303), જિલ શાહ (298), રાધિકા મુન્દ્રા (295), ધ્રુવિન વોરા (293) અને હેત પટેલ (292) ગુણ સાથે સફળ થયા છે. આ સંસ્થામાંથી 145 વિદ્યાર્થીઓ ઇન્ટરમીડિયેટ અને 240 વિદ્યાર્થીઓ ફાઉન્ડેશન પરીક્ષામાં પાસ થયા છે.

### ઇન્ટરમીડિયેટમાં દેશભરમાં ચોથું સ્થાન

ઘોડદોડ સ્થિત સીએ રવિ છાવછરિયાના માર્ગદર્શન હેઠળ મૂળ રાજસ્થાનના જાલોર જિલ્લાના કરડા ગામના પ્રક્ષાલ જૈને ઇન્ટરમીડિયેટની 600 ગુણની પરીક્ષામાં 494 ગુણ મેળવી દેશભરમાં ચોથું સ્થાન મેળવ્યું છે. આ ઉપરાંત સી.વી. ચંદ્રશેખરન (416), હિમાંશુ નાયક (388), પ્રવીણ જોશી (381), જિજ્ઞેશ ભંડારી (380), રૂશાન શેખ (375), પ્રિન્સ સિંહ (373), હર્ષ ન્યાતિ (372), અભિષેક સુથાર (367) અને અભિષેક શાહ (362) ગુણ સાથે પરીક્ષા પાસ થયા છે.

### ઇન્ટરમિડિયેટમાં 14મો અને 25મો ઓલ ઇન્ડિયા રેન્ક

વેસુ સ્થિત પેનોરામિક એજ્યુકેશનના માર્ગદર્શન હેઠળ ઇન્ટરમિડિયેટ પરીક્ષામાં પંથ રડડિયાએ 461 ગુણ મેળવી દેશભરમાં 14મો રેન્ક મેળવ્યો છે. જ્યારે મૂળ રાજસ્થાનના જસવંતગઢના વિવેક જૈને 447 ગુણ સાથે 25મો રેન્ક મેળવ્યો છે. આ ઉપરાંત નિશી અગ્રવાલ (403), આદિલ શેખ (371), બબલુ કુમાવત (366) અને સજના શેખ (362) ગુણ સાથે સફળ થયા છે. પંથે કોસ્ટ અકાઉન્ટિંગ વિષયમાં 100માંથી 90 ગુણ મેળવ્યા છે. આ સંસ્થામાંથી 50થી વધુ વિદ્યાર્થીઓ સીએ ફાઇનલ સુધી પહોંચ્યા છે.

### ચાર કામદારોનાં...

ઠેરવી દેવામાં આવ્યો છે. જેના કારણે "નાના માણસને સજા અને મોટા માણસને મજા" જેવી સ્થિતિ સર્જાઈ હોવાનો આક્ષેપ ઊઠી રહ્યો છે. આ ઘટનામાં મિલના સંચાલકો તરીકે જૈન પરિવારનાં નામ ચર્ચામાં હોવા છતાં તેમની સામે હજુ સુધી કોઈ સીધી કાર્યવાહી ન થતાં અનેક સવાલો ઊભા થયા છે. કેટલાંક વર્તુળોમાં એવી પણ ચર્ચા છે કે પ્રભાવશાળી હોવાના કારણે સંચાલકોને બચાવવા પ્રયત્ન થઈ રહ્યા છે. ઉપરાંત દુર્ઘટનામાં જીવ ગુમાવનાર શ્રમિકોના પરિવારોને હજુ સુધી યોગ્ય વળતર આપવામાં આવ્યું નથી તેવી પણ માહિતી સામે આવી રહી છે. હવે તપાસમાં આગળ શું બહાર આવે છે અને અન્ય જવાબદાર સામે કાર્યવાહી થાય છે કે નહીં તેની પર સૌની નજર ટકેલી છે.

### સુરતના વિદ્યાર્થીની...

અને અમેરિકાએ ઈરાન પર હુમલો કર્યો હતો. જેના જવાબમાં ઈરાને દુબઈ, કતાર, અબુધાબી સહિત નવ દેશો પર ડ્રોન અને મિસાઈલ એટેક શરૂ કરતાં યુએઈમાં ભયનો માહોલ સર્જાયો હતો. આ સ્થિતિમાં તેણે દુબઈમાં આઠ દિવસ પસાર કર્યા છે.

એક અઠવાડિયાની માનસિક યાતના વેઠીને રવિવારે સાંજે સુરત પરત ભરેલા જિહાન તારમાસ્તરે તેના અનુભવ વર્ણવતા કહ્યું કે 'આવો ડરનો માહોલ મેં મારી જિંદગીમાં ક્યારેય અનુભવ્યો કે જોયો નથી. છેલ્લા એક અઠવાડિયાથી એક દિવસ એવો પસાર નથી થયો જ્યારે ધડાકાના અવાજ સંભળાયા ન હોય. રોજ સવાર સાંજ એલર્ટ ના મેસેજ આવતા હતા. યુદ્ધ શરૂ થયું ત્યારબાદથી જ અડધી યુનિવર્સિટી ખાલી થઈ ગઈ હતી. અમારી યુનિવર્સિટીમાં સ્પ્રિંગ બ્રેક 9 થી 16 માર્ચ સુધીનો હતો તે લંબાવીને 22 માર્ચ સુધી કરી દેવાયો. દુબઈ ગવર્મેન્ટ ઓનલાઈન ક્લાસીસનો ઓર્ડર કર્યો. જેથી ક્યાંય જવાનું નહીં હોસ્ટેલમાં જ રહેવું પડ્યું હતું. અડધી યુનિવર્સિટી ખાલી થઈ ગઈ પરંતુ બધુ સારુ થઈ જશે તેમ વિચારીને હું ભારત આવતો ન હતો. પરંતુ મારી હિંમત સાતમી માર્ચે સાંજે તૂટી ગઈ. શનિવારે સાંજે અમારી યુનિવર્સિટીની બાજુમાં આવેલી 23 મરીના બિલ્ડીંગ પર ઈન્ટરસેપ્ટ કરાયેલા ડ્રોનના કાટમાળ પડ્યા હતા જેના લીધે તે ઈમારત પર આગ લાગી ગઈ હતી. સાયરોનો વાગવા લાગી હતી, ઈમર્જન્સી ના મેસેજ આવી ગયા હતા. ભયનો માહોલ વ્યાપી ગયો હતો. ઘરે જાણ કરી તો બધા ગભરાઈ ગયા. તાત્કાલિક દુબઈથી મુંબઈની ફ્લાઈટની ટિકિટ બુક કરાવી અને સવારે 04:00 વાગ્યાની ફ્લાઈટમાં બેસી મુંબઈ આવી ગયો. દુબઈ સુરતની ડાયરેક્ટ ફ્લાઈટ કેન્સલ થયો હોવાના લીધે વાયા મુંબઈ આવવું પડ્યું જેમાં ઘણો સમય વેડફાયો અને ખૂબ હેરાન થયો. સાંજે ઘરે પહોંચ્યો ત્યારે જીવમાં જીવ આવ્યો હતો.

એક અઠવાડિયું ખૂબ જ અઘરું પસાર થયું એમ જણાવતા જીહાને કહ્યું કે લગભગ એકાદ દિવસ બાદ કરીને રોજ ધડાકા થતા હતા. દુબઈ ગવર્મેન્ટ એ ખૂબ જ સારી રીતે પરિસ્થિતિને કંટ્રોલમાં રાખી હતી તેઓ લગભગ દરેક ડ્રોનને ઈન્ટરસેપ્ટ કરી લેતા હતા અને નિષ્ફળ બનાવતા હતા પરંતુ ડ્રોનનો કાટમાળ ઠેર ઠેર પડતો હતો જેના લીધે નાના મોટા આગ લાગવાના બનાવ બનતા હતા તેથી ભયનો માહોલ હતો.








